
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવીનતમ

પથ-પ્રદર્શન

# રાજગૃહી – નાલન્દા – પાવાપુરી
# વૈશાલી – ગયા – બૌદ્ધ ગયા

( ચિત્રો તથા નકસા સાથે )


પ્રકાશક

**જૈનકો પ્રકાશક**

૨૫૬૮ ધર્મપુરા

દેહલી-૬

કીમત ૧-૨૫


For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| વિષય | પાન નંબર |
|---|---|
| **રાજગૃહી** | ૩ |
| રાજા જરાસંઘ- રાજા બિંબિસાર- રાજા અજાતશત્રુ | ૪ |
| રાજગૃહ તથા જૈન અને બૌદ્ધ ધર્મ | ૫ |
| જૈન સાહિત્યમાં રાજગૃહ | ૬ |
| રાજગૃહમાં ભગવાન મહાવીરનું પ્રથમ સમવસરણ | ૮ |
| પર્વતો પર જૈન મંદિરોનો પરિચય | ૯ |
| રાજગૃહ અને બૌદ્ધ ધર્મ રાજગૃહ દિગ્દર્શન (દર્શનીય સ્થળ) વેણુવન | ૧૧ |
| કરન્દ નિવાપ – મહાવીર ચરણ ચૌરા | |
| વૈભાર પહાડ પર પત્થરની પીપલા ગુફા | ૧૨ |
| સાતપર્ણી ગુફા – પ્રાચીન જૈન મંદિર – મહાદેવ મંદિર | ૧૩ |
| મણિયાર મઠ | ૧૪ |
| સોન ભંડાર ગુફાઓ – રણભૂમિ – બિંબિસાર જેલ | ૧૫ |
| જીવકનો આમ્રકુંજ – મદ કુક્ષી તથા મર્દ કુક્ષી ગૃધ્રકૂટ | ૧૬ |
| વિશ્વ શાન્તિ સ્તૂપ - રજ્જૂ માર્ગ (એરિયલ રોપવે) રથ ચક્ર અને | ૧૭ |
| શંખ લિપી | ૧૭ |
| જૈન મુનિ ની તપસ્યા તથા સંસ્કાર ભૂમિ – બાણગંગા | ૧૮ |
| કુંડ ગર્મ પાણીના ઝરણાં | ૧૮ |
| સાઇક્લોપિઅન દિવાળ અજાતશત્રુ નો કોટ અને નવીન રાજગિર | ૧૯ |
| મખદૂમ કુંડ | ૧૯ |
| અન્ય મંદિર | ૨૦ |
| **નાલંદા** | **૨૦** |
| નાલંદા નો અન્ત | ૨૨ |
| નાલંદા નો પતો કેવી રીતે લાગ્યો–ખુદાઈ સ્થળ મુખ્યમંદિર સ્થળ નં.૩ | ૨૩ |
| વીહાર નો ઉપગ્રહ સ્થળ ૧ થી ૧૪ સુધી | ૨૪ |
| નીકટવર્તી સ્થાન -કુંડલપુર –હ્યાનચાંગ મેમોરીયલ | ૨૭ |
| નવ નાલંદા મહા વીહાર –વૈશાલી (કુંડગ્રામ) | ૨૭ |
| પાવાપુરી | ૨૮ |
| **ગયા બૌદ્ધ ગયા** | **૨૯** |
| બૌદ્ધ ગયા – મુખ્ય મંદિર બોધિ વૃક્ષ | ૩૧ |
| અન્ય સ્થાન | ૩૨ |


For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજગૃહી

પટના થી ૧૦૧ કિલોમીટર દક્ષિણ-પૂર્વ પહાડીઓથી ઘેરાયેલો રાજગિર અત્યંત પ્રાચીન કાળથી શક્તિશાળી સામ્રજ્યોથી સંકળાયેલો રહેલ છે. આ સામ્રાજ્યો નો આંતક કોઈ જમાનામાં આખા ભારતવર્ષમાં હતો. જુના જમાનામાં રાજગિર અનેક નામોથી મશહુર રહેલ છે જેમા વસુમતિ, ગૃહદ્રથપુર, ગિરિવ્રજ. અને રાજગૃહ મુખ્ય છે.

રામાયણમાં જે વશુમતિનો ઉલ્લેખ છે કદાચ સૃષ્ટિકર્તા બ્રહ્મા નો ચોથા પુત્ર રાજા વસુના નામ પર છે કહેવત છે કે- આ શહેર એના દ્વારા જ વસાવેલુ છે. બ્રહદ્રથપુર જેનો ઉલ્લેખ મહાભારત અને પુરાણોમાં આવે છે રાજા જરાસંઘ ના પુર અને એક વંશના બાની રાજા બ્રહદ્રથ ના નામ પર પડયું છે. ગિરિવ્રજ નામ પડવાનું કારણ એજ હતું કે નગર ( ખીણ ) ચારે તરફ પહાડીઓથી ઘેરાયલું છે કુશાગ્રપુર કહેવડાવવાનું કારણ યા તો બ્રહદ્રથ ના ઉત્તરાધિકારી રાજા કુશાગ્ર ના નામ પર હોય અથવા એ ખુશબુદાર ઘાસ ને કારણ જે આ ખીણ માં શહેરના આજુબાજુ બહુતાયત થી ઉગેલ છે રાજગૃહ (રાજાઓ નો વાસ ) તો એવા સ્થાન ને માટે ઉપયુક્ત જ છે જે સૈકડોં-વર્ષ સુધી મગધ સામ્રાજયની રાજધાની રહેલ છે રાજગિર જે પાંચ પહાડીઓથી ઘેરાયેલ છે. મહાભારતમાં એક જગ્યાએ એમના નામ કૈલાશ, વરાહ, વૃષભ, ઋષિગિરી ચૈત્યક આપેલ છે, પરન્તુ બીજી જગ્યાએ મંડાર, વિપુલ વરાહક, ચૈત્યક અને મતંગ આપેલ છે. પાલી લેખોમાં એમના નામ વૈભાર, પાંડવ, વૈપુલ્ય, ગૃધ્રકુટ ઋષિગિરિ આપેલ છે. આજકલ એમના નામ વૈભાર, વિપુલ, રત્ન છઠ, શૈલ, ઉદય અને સોના છે- આ નામ જૈન પ્રભાવ ના કારણ પડેલ છે.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## રાજા જરાસંધ

મહાભારતમાં રાજગૃહ જયારે જરાસંધની રાજધાની હતીં જરાસંધ એ જમાનામાં સૌથી વધારે શક્તિમાન રાજા માનવામાં આવતો હતો એક સૈનિક સંધિ પ્રસ્તુત કરવા માટે એણે પોતાની ૨ પુત્રી પોતાની અસતી, એને પ્રસ્તિના વિવાહ મથુરાના પરાક્રમી રાજા કંસ ની સાથે કરી દીધા હતા. કસ ભગવાન કૃષ્ણનો મામો હતો. જયારે કૃષ્ણે કસને એના દુરાચારના કારણે મારી નાખ્યો તો જરાસંધે કૃષ્ણના સજાતીયો નો વિનાશ કરવા માટે કેટલાય હુમલા કર્યા પરન્તુ દરેક વખતે એણે જરૂરી હાર સહન કરવી પડી. એના પછી લાંડવ બન્ધુ ભીમ અને અર્જુન ને સાથે લઈ કૃષ્ણે ગિરિવ્રજ ગયા અને એમના કહેવા મુજબ ભીમે જરાસંધ થી કુસ્તી કરતી વખતે એને જાંધ પકડી ને ચીરી નાખ્યો. પણ જરાસંધના વંશજ થોડો સમય તક રાજ્ય કરતા રહયા.

## રાજા બિંબિસાર

પોતાના અભિતાભ બુદ્ધ બન્યા એ પહેલા જયારે રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમ પહેલીવાર રાજગૃહ ગયા ત્યારે રાજગૃહ ને રાજધાની બનાવી ને રાજા બિંબિસાર મગધ પર રાજ્ય કરતો હતો. એ વખતે જે ચાર રાજાઓ નો ઉત્તરી ભારત પર બોલબોલા હતી. એમાંથી બિંબિસાર એક હતો- બાકી ત્રણ કૌશલ ના રાજા પ્રસન્નજીત, વાત્સ ના રાજા જહયન અને અવન્તિ ના આમા પ્રધાન હતા,

## રાજા અજાત શત્રુ

રાજા બિંબિસાર બુદ્ધ અને એમના મતનો બહુજ પ્રશંસક હતો કહેવાય છે કે એમની વૃદ્ધાવસ્થામાં એમના પુત્ર અને ઉત્તારાધિકારી અજાતશત્રુ (૪૯૧-૫૯ ઇસાની પહેલા ) એ એમને કેદ કરીને મારી નાખ્યાં. પાછળથી અજાત શત્રુ એ બૌદ્ધ ધર્મ ગ્રહણ કરી લીધો. ચીની યાત્રી ફાન્હિઆન કથાનાનુસાર પહાડિઓથી બહારની રાજધાની એણેજ વસાવી હતી, હ્યાન-ચાંગ



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના લેખો થી એ વાતની કંઇક પુષ્ટિ થાય છે પાલી લેખોના અંનુસાર એણે નગરના પ્રાચીરોની મરમ્મત કરાવી હતી. કેમકે એને અવન્તિ ના ક્રૂર રાજા પ્રદ્યોત ને હમલાનો ડર હતો.

એમ કહેવાય છે કે અજાતશત્રુ ના પુત્ર અને ઉત્તરાધિકારી રાજા ઉદયને એમને તડપાવી તડપાવી ને મારી નાખ્યા અને રાજધાની રાજગૃહથી ઉપાડી ને પાટલીપુત્રમાં સ્થાપી ત્યારથી રાજગૃહની રાજનૈતિક સ્થિતિ ધીરે-ધીરે પડતી ચાલી

## રાજગૃહ તથા જૈન અને બૌધ્દ ધર્મ

ભારતવર્ષના વિહાર રાજ્યમાં સંજગ્રહ (રાજગીર) પંચ પર્વત પરિષ્ઠિત પાવન અને પ્રાચીનતમ સ્થળ છે. પ્રાગૈતિહાસિક પાષાણ યુગથી લઈ ને એતિહાસિક કાળમાં એને સદીઓ સુધી મગધ જનપદની રાજધાની રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું આજ નગરના સિંહાસન થી અતિ પ્રાચીન સમયમાં બ્રહ્મપુત્ર કુશવ તનવ-વસુથી લઇને મહાભારત યુગના આરંભમાં મહાપરાક્રમી જરાસંધ અને એના પછી એના પ્રતાપી વંશજ અને એતિહાસિક યુગના ઉષા-કાળમાં હર્યેંક વ'શીય વિજયી વીર બિંબિસાર અને અજાતશત્રુ એ પોતાના વિશાળ સામ્રાજ્યનું શાસન કર્યું હતું. આજ રાજગૃહથી નવીન રાજધાની પાટલીપુત્રનું સ્થાનાંન્તરણ થયું.

જૈન અને બૌધ્દ ધર્મોનો વિકાસ અને પ્રસાર આજ રાજગ્રહથી થયો હતો. અહિંના સ્વતંત્રએતા વ્રાત્યોં ના વિચાર ધર્મના વિષયમાં ઉદાર, વિસ્તૃત અને પ્રશસ્ત હતા. આજ કારણ છે કે રાજગૃહ હિન્દુ જૈન અને બૌધ્દ ત્રણેનું પવિત્ર તીર્થ સ્થાન છે મુસલમાન સન્ત શ્રી મખદુમ શાહ શર્ફુદીન ને લગભગ ૧૨૩૪ ઈ. માં વિપુલ પર્વત ની તળટીમા સ્થિત શૃંશકુંડ અત્યારના ( મખદુમકુંડ ) ની પાસે ૧૨ વર્ષો સુધી તપસ્યા કરી હતી. આ કારણે આ મુસલમાનોનુ પણ તીર્થ બન્યું.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્યમાં રાજગૃહ

રાજગૃહનો ભગવાન મહાવીર થી પહેલા પણ જૈનધર્મ થી સમ્બન્ધ રહેલ છે. રામાયણ કાલમાં ભગવાન મુનિ સુવ્રતનાથ ના ગર્ભ જન્મ તપ જ્ઞાન એ ચાર કલ્યાણક અહીં જ થયેલા એના પછી આ જ વંસમાં અર્ધ-ચક્રી પ્રતિ નારાયણ જરાસંધ થયો. એ બહુજ પરાક્રમી અને રણશુરો હતો એના સમયમાં યાદવોએ મથુરા છોડી દ્વારકામાં આશ્રય લીધો હતો. અહીયા ભગવાન આદીનાથ અને વાસુપુજય સ્વામી ના સાવાય અવશેષ ૨૨ તીર્થંકરો ના સમવશરણ આવ્યા હતા. જૈન સાહિત્ય આ વાતને ગર્વથી સ્વીકાર કરે છે. કે રાજગૃહ શ્રમણ સંસ્કૃતિ નુ કેન્દ્ર રહેલ છે.

રાજગૃહ-સિદ્ધ ભૂમિ છે. અહિંયા ભગવાન મહાવીર નેં વિપુલાચલ ઉપર પહેલું સમવશરણ લાગ્યુ હતુ. આ સ્થલથી અનેક ઋષિ મુનિઓએ નિર્વાણપદ પ્રાપ્ત કર્યુ છે. શ્રદ્ધેય શ્રી નાથુરામ પ્રેમી એ અનેકો પ્રમાણો દ્વારા નંગ-અનંગ વગેરે સાડા પાંચ કરોડ મુનિરાજોનું નિર્વાણસ્થળ સ્વર્ણગિરી અથવા સોનાગિરી ને બતાવ્યું છે ઉત્તરપુરાણ ના અનુસાર ગૌતમસ્વામી એ વિપુલાચલ પર્વતથી નિર્વાણ લાભ કરેલ છે. અન્તિમ કેવલી શ્રી સુધર્મસ્વામી અને જમ્બુસ્વામી એ વિપુલાચલથી જ નિર્વાણ પ્રાપ્ત કરેલ છે કેવલી ધનદત્ત, સમુન્દર અને મેઘરથે પણ રાજગૃહ થી જ નિર્વાણ પ્રાપ્ત કરેલ છે. એક પ્રાંતકર એ ભગવાન મહાવીરથી મુનિ દિક્ષા લઇને અહિયા આત્મ-કલ્યાણ કર્યુ હતુ, ધીવરી પૂત ગન્ધા ને અહીંની જ નીલગુફામાંથી સલ્લેખના વ્રત ગ્રહણ કરીને શરીર ત્યાગ કરી દીધો હતો.

મુનિસુવ્રત કાવ્યના રચિયતા અર્હદાસ ( ૧૩ વીં શતાબ્દી ) એ આ નગરીના વૈભવનું વર્ણન કરતા કહયુ છે કે મગધ દેશમાં પાછળની તરફ સંકળાયેલ વિશાળ બગીચાઓથી યુક્ત રાજગૃહ નગરી સુશોભિત હતી. આના બાહરના બગીચાઓમા અનેક વેલાઓ સુશોભિત હતા. અહિંયા સદા શૈલાગ્ર ભાગથી નિકળતી જળધારા સુંદરીઓના નિરંતર સ્નાન કરવાના કારણે



For Private And Personal

સિન્દુરયુક્ત દેખાય છે. નગરીની બાહર વિશાળ મૈદાન ઘોડોંની પંક્તિઓના ચાલવાથી મન્દોમન્ત હાથિઓ યોદ્ધાઓની શસ્ત્રશિક્ષા થી અને સુભટોંના મલ્લયુદ્ધ થી શોભાયમાન રહેતા હતા. આ નગરીની ચારે દીવારોના સ્વર્ણ કળશ એટલા ઉન્નત હતા. કે એને ભ્રમવશ સ્વર્ણ કળશ સમજીને દેવાંગનાઓ એને લેવા આવતી હતી. આ નગરીઓની અટ્ટાલિકાઓની ઉંચી ઉંચી ધ્વાજાઓ અને રંગીન તોરણ આકાશને અડતા હતા અને ઇન્દ્ર ધનુષ ના દશ્ય બનાવતા હતા. ઇન્દ્ર કાન્તમણી થી બનેલા મકાનની કાન્તિ ચન્દ્રમાની જયે સનાથીં મળીને ક્રીડ સકત અપ્સરાઓના લીધે દિવ્ય ભ્રાંતિ ઉત્પન્ન કરતી હતી. અહિંયાના સુંદર જીનાલય અકૃત્રિમ જીનાલયોંના શોભાને પણ ઝાંખા પડતા હતા. આ નગરીના શાસક સર્વગુણ સમ્પન્ન ધન ધાન્યથી યુક્ત, વિદ્વાન પ્રજાવત્સલ, અને ન્યાયવાન હતો શુભચંદ્ર દેવે શ્રેણિક ચરિત્રમાં આ નગરનુ વર્ણન કરતા લખ્યુ છે અહિંયા ન અજ્ઞાની મનુષ્ય છે અને ન તો શીલ રહિત સ્ત્રીઓ. અહિંયાના પુરૂષ કુબેરના જેવા વૈભવ વાળા અને સ્ત્રિઓ દેવાંગનાઓ સમાન દિવ્ય છે. અહિંયાના મનુષ્ય જ્ઞાની અને વિવેકી હતા. કલા, કૌશલ, શિલ્પમાં એ અતુલનીય હતા જે મંદિરો અને રાજ પ્રસાદ માં સર્વત્ર જય-જયની ધ્વનિ ચોમેર સંભળાતી હતી

જૈનીઓના અન્તિમ તીર્થંકર મહાવીરે ચૌદહમહિના રાજગૃહ અને નજીકમાં નાલંદામાં વિતાવ્યા. જૈન ઇતિહાસના અનુસાર બિંબિસાર અને અજાતશત્રુ જેમના નામ જૈન સાહિત્યમાં રાજા શ્રેણિક અને રાજા કુણિક આવે છે. જૈન ધર્મના અનુયાયી હતા.

આજે રાજગિરના આધુનિક ધાર્મિક મહત્વ મુખ્યતઃ જૈનીયોના કારણે છે સ્વભાવથી જ ઉંચી જગ્યાઓના પ્રેમી હોવાને કારણે જૈનીઓએ ખાસ કરીને બધા પહાડોંના શિખરો પર મંદિર બંધવ્યા છે. અત્યાર ના નવા મન્દિર પ્રાચીન મંદિરોના અવશેષો પર બનાવેલ છે.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજગૃહીમાં ભગવાન મહાવીરનું પ્રથમ સમવશરણ

ભગવાન મહાવીર ને કૈવલ્ય પ્રાપ્તિ ની વિશ્વ હિત-કારિણી ઘટનાની શુભ સુચના કેટલાક વિશેષ શુભ ચિન્હોં દ્વારા સૌધર્મ ઇન્દ્ર ને પ્રાપ્ત થઇ હતી એમને કુબેરને એક સુન્દર વિશાલ વ્યાખ્યાન સભા મંડપ ( સમવશરણ ) બનાવવાનો આદેશ આપ્યો. કુબેરે પોતાના દિવ્ય સાધનોં થાં અતિશીઘ્ર એક બહુજ સુન્દર દર્શનીય વિશાળ સમવશરણ બનાવ્યો. જેને ત્રણ કોટ અને ચાર દ્વાર હતા. દ્વાર પર સુન્દર વેદિકા (ગન્ધકુટી) બની હતી ગંધકુટી પર રત્નજડિત સુવર્ણ સિંહાસન હતા જેમાં કમલનું ફુલ બનેલું હતુ ગન્ધકુટી ની ચારેતરફ ૧૨ વિશાળ ઓરડા હતા. જેમા દેવ, દેવી, મનુષ્ય, સ્ત્રી સાધુ,સાધ્વી પશુ-પક્ષી વગેરે ઉપદેશ સાંભળવા વાળા ભદ્ર પ્રાણિયોની બેસવાની વ્યવસ્થા હતી મધ્યવર્તિની ઉચ્ચ ગન્ધકુટીના સિંહાસન ઉપર ભગવાન મહાવીર ને વિરાજમાન થવાની વ્યવસ્થા હતી. એથી એમનો ઉપદેશ સાંભળવા વાળા ઓને સારી રીતે સંભળાતા હતા.

એજ સમયે દેવોનું દુદુંભી વાજું ત્યાં વાગવા લાગ્યુ જેની મધુર આકર્ષક ધ્વનિ ને બહુજ દૂર સુધી સંભળાતી હતી. એ ધ્વનિ ને સાંભળી ને સમવશરણની વાર્તા કાનોકાન દૂર સુધી ફેલાઈ ગઈ જેનાથી ભગવાન મહાવીરનો દિવ્ય ઉપદેશ સાંભળવાની ઉત્કંઠાથી દૂર-દૂરની પ્રજા ચાલીને ઋજુકલા નદીના તટ પર બનેલા સમવશરણમાં પહોંચી ઇન્દ્ર પણ વિશાળ દેવ પરિવાર સાથે પહોંચ્યો ત્યાં રાત અને દિવસનો ભેદ નહોતો જાણતો પરંતુ આખો દિવસ વીતી ગયો અને રાત્રિ પણ સમાપ્ત થઈ ગઇ તીર્થંકરના મુખ થી એક અક્ષર પણ પ્રકટ ન થયો. એજ પ્રમાણે બીજે ત્રીજે દિવસ થયો પણ વાણી પ્રકટ ન થઈ ભગવાને વિહાર કરી લીધો. વિહાર પછી ભગવાન જયાં થોભ્યાં ત્યાં કુબેરે પહેલાં જેવો ભવ્ય સમવશરણ બનાવી દીધો. વિહાર કરતાં કરતાં ભગવાન મહાવીર રાજગૃહી ના વિંપુલાચલ પર્વત પર આવી પહોંચ્યા ત્યાં પણ સુંદર વિશાળ સમવશરણ અને યથાસમય અસંખ્ય શ્રોતા પણ એકત્ર થયા, પરન્તુ અહિંયા પણ તીર્થંકર મહાવીર મૌન રહ્યા.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર ભગવાન ના મૌન ના મુખ્ય કારણ પર સમવશરણના વ્યવસ્થાપક સૌધર્મ ઇન્દ્રે ગંભીરતા પૂર્વક વિચાર કર્યો ત્યારે અવધિજ્ઞાનથી એમને જ્ઞાત થયું કે સમવશરણમાં એક એવો મહાન પ્રતિભાશાળી વિદ્વાન ઉપસ્થિત ન થયો જે તીર્થંકર ના દિવ્ય ઉપદેશ ને સાંભળી ને એને પોતાના હૃદયમાં ધારણ કરી શકે અને એને પ્રકરણ બદ્ધ કરીને શ્રોતાઓની જિજ્ઞાસાનું યથાર્થ સમાધાન કરી શકે આ મુજબનો પ્રતિનિધી બનવા યોગ્ય વિદ્વાન મુનિ સમવશરણમાં ન હોવાને કારણે તીર્થંકરની વાણી ન ખુલી તે પશ્ચાત્ એમણે અવધિજ્ઞાનથી એ પણ જાણ્યું કે આ સમયે ઇન્દ્ર ભૂતિ ગૌતમ તીર્થંકર નો બનવા યોગ્ય વિદ્વાન છે. પરંતુ એ તીર્થંકર મહાવીર ના સંપર્કમાં આવી જાય તો તીર્થંકરનો ગણધર બની શકે છે એવો વિચાર કરી ઇન્દ્રએ એક વૃદ્ધ બ્રાહ્મણ નું રૂપ લઈને એ-વેદાંગના જ્ઞાતા મહાન પ્રતિભાશાળી વિદ્વાન, ૫૦૦ વિદ્વાન શિષ્યોના ગુરૂ ઇન્દ્ર ભૂતિ ગૌતમની પાસે પહોચ્યો ઘણા ઉપાય કરીને ઇન્દ્રભૂતિ ને પોતાની સાથે સમવશરણમાં લઇ આવ્યો. સમવશરણમાં પ્રવેશ કરી જેવા એણે ભગવાન મહાવીરના દર્શન કર્યા ત્યારે એ ભગવાન મહાવીર ની વીતરાગતા થી એ એટલો પ્રભાવિત થયો કે પોતાનો બધોજ પરિગ્રહ છોડીને ત્યાંજ મહાવ્રતી દિગમ્બર મુનિ બની ગયો મુનિ બનતા જ ઇન્દ્રભૂતિ ને મન પર્યય જ્ઞાન થઇ ગયું. વિપુલાચલ પર્વત પર ભગવાન મહાવીર ને કૈવલ્ય પ્રાપ્ત થયા ને ૬૬ દિવસ પછી ભગવાન મહાવીરનું મૌન ભંગ થયું અને મેઘગર્જનાની જેમ દિવ્ય ધ્વનિમાં પહેલો ઉપદેશ શ્રાવણ કૃષ્ણ પ્રતિપદાના દિવસે પ્રારંભ થયો.

## પર્વતો પર જૈન મંદિરોનો પરિચય

વિપુલાચલ પર્વત પર ચાર દિગમ્બર તથા એક શ્વેતામ્બર મંદિર છે, પહેલાં મંદિરમાં શ્યામવર્ણ કમળની ઉપર ભગવાન મહાવીર સ્વામીની ચરણ પાદુકા છે. બીજામાં ચન્દ્રપ્રભુની ચરણપાદુકા અત્યંત પ્રાચીન છે ત્રીજામાં જે મધ્યમાં છે. એમાં ચન્દ્રપ્રભુ ભગવાનની શ્વેત વર્ણ મૂર્તિ વિરાજમાન છે. નજીકમા જ સં. ૧૫૪૮ ની શ્વેતવર્ણની ચન્દ્રપ્રભુ ભગવાનની મૂર્તિ છે. એક અન્ય પ્રાચીન મૂર્તિ ભગવાન મહાવીરની છે. ચૌથા મંદિરની વેદિકામાં



For Private And Personal

શ્વેતવર્ણની ભગવાન મહાવીર અને શ્યામવર્ણની મુનિસુવ્રતનાથની મૂર્તિ તથા બીજી તરફ ચરણ છે.

રત્નગિરિ પર્વત પર એક શ્વેતામ્બર ચૌમુખી મંદિર છે. જેમાં શ્રી શાન્તિનાથજી, શ્રી પાર્શ્વનાથજી શ્રી વાસુપૂજ્યજી તથા શ્રી નેમિનાથજી ની ચરણપાદુકાઓ છે તથા એક પ્રાચીન તથા બે નવા દિગમ્બર મંદિર છે. પહેલા નવીન મંદિરમાં મુનિસુવ્રત સ્વામીની શ્યામવર્ણની ભવ્ય અને વિશાળ પ્રતિમા વિરાજમાન છે. બીજા નવીન મંદિરમાં શ્રી સમુંદર મેઘરથ અને ધનદત્ત કેવલીના ત્રણ ચરણ યુગલ વિરાજમાન છે આ ત્રણેય જણાએ અહિંથીજ નિર્વાણ પ્રાપ્ત કર્યું હતુ.

ઉદયગિરી પર્વત પર એક શ્વેતામ્બર મંદિર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. અને ફરતી ચાર પ્રતિમા છે. દિગમ્બર મંદિર પણ ત્રણ છે એકમાં શ્રી શાન્તિનાથ અને પાર્શ્વનાથ સ્વામી ની પ્રાચીન પ્રતિમા અને આદિનાથ ના ચરણ ચિન્હ છે. તથા મહાવીર સ્વામીની ખડગાસન શ્યામવર્ણ ની પ્રાચીન પ્રતિમા છે બીજું અતિ પ્રાચીન મંદિર ભગ્નાવશેષાવસ્થામાં છે જે આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં ખોદકામ કરીને કાઢયું હતું અહિયા નવીન મંદિરમાં ૫ ફૂડ ઉંચી ગુલાબી રંગની ભગવાન મહાવીરની ભવ્ય પ્રતિમા વિરાજમાન છે

સ્વર્ણગિરિ પર્વત પર એક શ્વેતામ્બર મંદિર શ્રી આદિનાથ ભગવાનનુ છે. અને બે મંદિર દિગમ્બર શાખાના છે. નવા મંદિરમાં શાન્તિનાથ સ્વામીની શ્યામવર્ણની પ્રતિમા અને નેમિનાથ અને આદિનાથ સ્વામીના ચરણ ચિન્હ જુના મંદિરમાં ભગવાન મહાવીર નવીન ચિન્હ છે

વૈભારગિરિ પર્વત ઉપર પાંચ શ્વેતામ્બર મંદિરોમાં ભગવાન પાર્શ્વનાથ શ્રી મહાવીર સ્વામી, શ્રી મુનિસુવ્રત સ્વામી શ્રીધન્નાથા શીલભદ્ર તથા શ્રીગૌતમ આદિ ગણધરોં ના ચરણ છે. દિગમ્બર શાખાનું એક મંદિર છે આજ પર્વત પર આઠમી સદીનું એક ચૌવીસી મંદિર જમીનનાં ખોદકામથી પુરાતત્વ



For Private And Personal

વિભાગે કાઢયું છે આની બધી પ્રતિમાઓ મનોજ્ઞ અને ગુપ્તકાલીન હતી કઈ પ્રતિમાઓ પર લેખ પણ છે

સપ્તપર્ણી ગુફાના નામથી પ્રખ્યાત એક ગુફા એક પર્વત પર છે જે ઇતિહાસમાં રોહણિયા ગુફાના નામથી પ્રસિદ્ધ છે. પરંતુ આ જરૂર લોકવાયકાના અનુસાર મહાત્મા બુદ્ધની મરણ પછી અહિંયા પહેલી બૌદ્ધ સભા લાગી હતી.

## રાજગૃહ અને બૌદ્ધ ધર્મ

રાજગૃહ બૌધ્દ ધર્મનું પ્રધાન કેન્દ્ર હતું અને અહિંયા બુધ્દે ધર્મ પ્રચાર કાર્યમાં ઘણાં વર્ષ વિતાવ્યા. આ સ્થળે એમના જીવનની અનેક ઘટનાઓ અને ધર્મ વ્યાખ્યાનોનું કેન્દ્ર સ્થળ રહયું. એમણે નગરના અલગ-અલગ સ્થળો નિવાસ કર્યો પરંતુ એમનુ પ્રિય સ્થાન ગંધકુટ (ગીધોની ચોટી) હતી. એ આ નગર અને એમના પ્રાકૃતિક સૌન્દર્યના બહુ અનુરાગી હતાં. આ વિષયમાં એમના ભાવ એમના પોતાના શબ્દોમાં પાલી સાહિત્યમાં આ મુજબ છે– રમણીક છે રાજગૃહ રમણીક છે ગંધકુટ રમ્ય છે. ગૌતમ ન્યગ્રોધ મનોહર છે ચોર પ્રતાપ રમ્ય છે વૈભારગિરિનું સપ્તપર્ણી ગુફા રમ્ય છે ઋષિગિરિ ની કાળશિલા રમ્ય છે શીતવન ના સર્પ શૌડિક પ્રગ્ભાર, રમણીક છે તપોરામ, અભિરામ છે વેણુવનનુ. કલન્દક હૃદ, આનન્દકર છે જીવકનું આમ્રવન અને રમ્ય છે મર્થકુક્ષિનું ભગવન બુધ્દ ના મરણ પછી અજાતશત્રુ એમનાં અસ્થિશેષો નો પોતાનો ભાગ રાજગૃહમાં લાવ્યો. ત્યાં એણે વિધિપૂર્વક સમીવસ્થ કરીને એણે એના પર એક ચૈત્ય સ્તુપ બનાવરાવ્યો. થોડા મહિના પહેલાં જ્યારે પ્રધાન બૌધ્દ આચર્યો એ બુદ્ધ ના પ્રવચનો ને સંગ્રહીત કરવાનો નિર્ણય કર્યો તો અજાતશત્રુએ સપ્તપર્ણી ગુફાની સામે આ વિશેષ અવસર માટે એક વિશાળ મંડપનુ નિર્માણ કરાવ્યુ. અને એમાં એમનું સ્વાગત કર્યુ

## રાજગૃહ દિગ્દર્શન ( દર્શનીય સ્થળ

### વેણુવન

ભગવાન બુધ્દ ના સમયે સુગંધિત વાંસોનું વન હતુ એમ કહેવાય છે કે રાજા બિંબિસારે ભગવાન બુધ્દ ને સમર્પિત કરી દીધું હતું. પોતાના પરમ



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિષ્ય સરિપુત્ર અને મહાભોગ દલાયન ને ભગવાન બુદ્દ અહીંજ દીક્ષા આપી હતી બિહાર સરકારના વન વિભાગ દ્વારા સંરક્ષિત આ હજુ પણ પર્યટકો માટે સુરમ્ય છે તળાવની પશ્ચિમ બાજુ ભગવાન બુદ્દની પ્રતિમા છે જે થોડા વર્ષો પહેલાં અહિંથી જ મળી હતી.

## કરન્દ નિવાપ

વેણુવન ની વચ્ચે આવેલ તળાવને કરન્દ નિવાપ બનાવવામાં આવ્યું છે. ભગવાન બુદ્ધ આજ તળાવના સ્નાન કરતા હતાં સરિપુત્ર અને મહામૌગ્દલાયન અસ્થિ અવશેષ ઓથી પહેલા અહીંજ એકત્ર કરવામાં આવેલ એવો ઉલ્લેખ મળે છે.

## મહાવીર ચરણ ચૌરા

આ વેણુવનની પૂર્વ અને વર્તમાન જાપાની મંદિર ની પશ્ચિમ અને પટના ગયા રાજમાર્ગ પર આવેલ છે એમ કહેવાય છે કે જૈન ધર્મના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી એ લોક કલ્યાણાર્થ વિપુલા ચલ પર્વત પર પોતાનાં ઉપદેશ આપવા ઉપરાન્ત પોતાના શિષ્યોની સાથે આજ સ્થાન પર આરામ કર્યો હતો. આજે પણ આ સ્થાન પર જૈન દિગમ્બર શાળા ની તરફથી દીવાળીના પર્વ રથયાત્રા નો સમારોહ કરવામાં આવે છે.

## વૈભાર પહાડ પર પત્થરની પીપલા ગુફા

વૈભાર પહાડીના ઉત્તર-પૂર્વી પર ખૂણાના ઉતાર પર અને ગરમ ઝરણાં થી સતધારા નામક સમૂહથી ઉપર એક પત્થરનુ ભવન છે જેને અહિંયાના લોગો મચ યા જરાસંઘની બેઠક કહે છે. આને પીપલનો નિવાસ માનવામાં આવેલ છે. જેનો ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથો અને ચીની યાત્રિઓના લેખો પર થી છે. આ ભવન જમીન પર ૮૫ ફીટ લાંબી અને ૮૧ ફીટ પહોળી છે. ઉપર ૮૧ ફુટ ૬ ઇંચ લાંબી અને ૭૮ ફીટ પહોળી છે. અને ૨૨ થી ૨૮ ફીટ સુધી ઉંચી છે. આ અજ્ઞાત જણતા પત્થરના મોટા મોટા ટુકડાઓની બનેલી છે



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આની નીચેની તરફ ચારે તરફ કેટલીય નાની-નાની કોટડીઓ છે કેટલાક પ.લી ગ્રંથોમાં આને મહાકશ્યપ નો નિવાસ સ્થાન બતાવવામાં આવેલ છે.— મહાકશ્યપ પહેલા બૌદ્ધ સમ્મેલનના પ્રધાન હતા, એમ કહેવાય છે કે એક વાર જ્યારે મહાકશ્યપ ને બહુ વધારે માનસિક અને શારીરિક વ્યથા થઇ તો બુદ્ધ એમને મળવા અહિંયા આવ્યા હતાં

## સપ્તપર્ણી ગુફા

પીપલી ગુફાથી નિકળવા પર જમણી બાજુ એક મેડો છે જે સપ્તપર્ણી ગુફા પર પહોંચાડે છે બુદ્ધ ના મરણના ૬ મહિના પછી એમના ૫૦૦ મુખ્ય શિષ્યોનું એક પ્રથમ સમ્મેલન થયું હતુ સપ્તપર્ણી ગુફા એ ચટ્ટાનોમાંથી બનેલ ૬ અથવા સાત ગુફાઓની સામે બનાવેલી એક લાંબી માનવકૃતિ છે. આ રસ્તા ના થોડા ભાગમાં પત્થર ગોઠવેલા છે અને આ ૬ ફૂટ પહોળી એક પારપથ જેવા લાગે છે. ગુફાઓમાંથી ચાર ઘણી સારી દશામાં છે સપ્તપર્ણી ગુફા જૈન ઇતિહાસમાં શહેણિયા ચોરની ગુફાને નામથી પ્રસિધ્દ છે

## પ્રાચીન જૈન મંદિર

જે સપાટ સ્થાન પર એક નવું જૈન મંદિર બનેલ છે એની પાસે એક પ્રાંચીન જૈન મંદિરના ખંડેર મળે છે. જેને ખોદીને સાફ કરીને એની મરમ્મત કરવામાં આવી છે મંદિર માં પૂર્વમુખી મુખ્ય કક્ષ છે જેની ચારે બાજુ આંગણું અને એ આંગણાની ચાર તરફ ઓરડીઓ ની લાઇન છે મુખ્ય કક્ષ અને આ ઓરડીઓમાંની દિવાલોમાં મૂર્તિ મુકવાના ગોખ છે. હવે તો ઘણી બધી મૂર્તિઓ નથી જે બચી છે એમાં મહાવીર સ્વામી ની એક સુન્દર મૂર્તિ છે. જેની ખુરસી પર પાંચમી શતાબ્દી ઇસ્વીનો એક લેખ કોતરાયેલો છે જે સાફ નથી વૈભાર પહાડી પર જૈન. અવશેષ પ્રાચીન છે આ કોતરાયેલા લેખોથી જ નથી સાબિત થતું પરંતુ હવાનસાંગના લેખોથી પણ એમના અનુસાર ત્યાં દિગમ્બર તપસ્વી મોટી સંખ્યામાં વિચરતા હતા.

## મહાદેવ મંદિર

જૈન મંદિરથી થોડા ગજ દક્ષિણની તરફ એક તુટેલુ શિવ મંદિર છે. એમાં એક નાનકડો મૂર્તિ કક્ષ છે જે અન્દર થી લગભગ ૧૦ ફૂટ લાંબો અને



For Private And Personal

૧૦ ફૂટ પહોળો છે એ કક્ષની છત સપાટ છે અને એમાં એક નાનકડું શિવલિંગ અને એક બળદ જેનું માથું ગાયબ છે. જોવા મળે છે

## મણિયાર મઠ

જૈન ઇતિહાસમાં આને રાણી ચેલણા અને શાલીભદ્રનો નિર્માલ્ય કૂપ કહેવાયો છે. પરંતુ આજકાલ આ સ્થાન મણિયાર મઠ ના નામથી પ્રસિધ્ધ છે મહાભારત માં ઉલ્લેખ છે કે રાજગૃહ મણિનાગનું પવિત્ર ધામ હતું અને એવું અનુમાન છે કે મણિયાર મઠ આજ સ્થળનું પ્રતિક છે કેમકે ખોદકામ કરતાં મોટી સંખ્યામાં નાગ નાગણીઓની મૂર્તિયો મળી હતી.

સન ૧૮૬૧ થી ૬૨ અ કનિંઘમે મઠની પાસે એક ખાડો ખોદવામાં આવ્યો હતો તેના ઉપરના ભાગમાં કોઈ પણ નુકસાન પહોંચાડયા વિના તે ૨૧ ફૂટ ઉંડા ખાડામાં ઉતરી ને જોયું કે ૧૯ ફૂટની ગહેરાઈ પર ત્રણ નાની નાની મૂર્તિયો મળી એક મૂર્તિ પલંગ પર સુતેલી માયાની હતી. તેના ઉપર તપસ્વી બુધ્દ ચિત્રિત હતા. બીજી મૂર્તિ પાર્શ્વનાથની હતી તે ઉભેલી મુદ્રામાં સાત ફણ સર્પની સાથે ત્રીજી એટલી ખરાબ હતી કે તેણે પહેચાનવી મુશ્કેલ હતી. ૧૯૦૫ ૬ માં બી બ્લાચના ટીલાએ અને બે દરવાજાઓ ઉપર ના જૈન મંદિર ને પાડી ને ઇંટોં ની દિવાલ મળી જેનું નિચલુ તળ સરસ હાલતમાં મળ્યુ તે સુંદર ચિંહોથી કોતરાયેલુ હતું મૂર્તિયો લગભગ ૨ ફૂટ ઉંચી હતી. તેમાં (૧) ફૂલમાળાઓથી વિભૂષિત શિવલિંગ (૨) મુકુટ ધારી ચતુર્ભુજ વિષ્ણુ જેના ઉપરના હાથ તૂટેલાં હતા. (૩) સાંપ ના ફેણોં ની છાવમાં પાંચ નાગ નાગિન (૪) ચટ્ટાન ઉપર બેઠેલા ગણેશ જેમના શરીર ઉપર સાંપ લપટેલાં હતા. (૫) નૃત્ય મુદ્રાઓમાં ૬ ભુજાઓવાલા શિવ બાઘામ્બર અને ગેહુમન સાંપધારી આ પાંચ મૂર્તિઓ પણ હતી એ મૂર્તિઓની કલા અને શિલ્પ ની માનવામાં આવે છે કે તે ગુપ્ત-કાલમાં બનાવવામાં આવી હતી.

એ હકીકત છે કે એ સ્થાન ઉપર બનેલી ઇમારતો જુદા જુદા સમયમાં બનેલી ઇમારતો છે- અને એ બધા જૈન મંદિર પાછળ થી બનાવેલું છે મણિયાર મઠ ઉપર અને એની આજુ બાજુ વિખરેલા માટીના વાસણો પણ



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળી આવ્યા હતા જેમા કંઇક તો ચાર ફૂટના લગભગ હતા. એ વાસણોમાં એક વિશેષતા એ પણ હતી તે ટોટીદાર હતા જેમાં કંઇક ટોટિયોં સાંપ ના ફણો જેવી શકલની હતી.

## સોન ભંડાર ગુફાઓ

મણિયાર મઠથી ઉત્તર-પશ્ચિમમાં જતી કુછ સડક વૈભાર પહાડ ની દક્ષિણ ભાગમાં કાપીને બનાવેલી બે ગુફાઓ પર પહોચાડવામાં આવે છે. પૂર્વની ગુફાની છત બિલકુલ પડી ગયેલી હતી અને બીજી છતોમાં મોટી મોટી દરારો પડી ગઇ હતી. બન્ને ગુફાઓના તળ પણ અલગ અલગ હતા. કિવદંતિયોં ના અનુસાર તે રાજા બિંબિસાર નો કારગૃહ હતો. અન્ય ઇતિહાસકારે નુ કહેવું છે કે અહિંયા જૈન મુનિયોનું સાધના ગૃહ હતું. તેમાં જૈન મૂર્તિઓ પણ હતી. એમની દિવાળો ઉપર શંખ લિપિ ત્યાં જૈન મૂર્તિયો પણ કોતરેલી છે. પ્રાપ્ત પ્રાચીન મૂર્તિઓ નાલંદા સ્થિત સંગ્રાણલયમાં સુરક્ષિત રાખવામાં આવેલી છે.

## રણભૂમિ

મહાભારત કાલમાં ભીમ ત્થાં જરાસંધ ના મલ્લયુદ્ધ પણ અહિંયા થયું હતું. એટલે લોકો તેને જરાસંધ નો અખાડો પણ કહે છે આ સ્વર્ણ ભંડાર ની પશ્ચિમ-દક્ષિણમાં કંઇક દૂરી પર છે.

## બિંબિસાર જેલ

મુખ્ય સડક પર દક્ષિણ બાજુ મનિયાર મઠ થી લગભગ ૧ કિલોમીટર ની દૂરી પર પત્થર ની દિવાલોથી ઘેરાયેલું ૨૦૦ ફૂટ લાંબુ અને એટલુ જ ચોડાઇ માં ચોકું સ્થાન છે અજાતશત્રુએ બિંબિસાર ને જ્યાં પકડી ને રાખી મુકવામાં આવ્યો હતો કહેવામાં આવે છે કે કેદખાનમાં થી બિંબિસાર ગૃધ્રકૂટ પર બુદ્ધને જોઇ શકતા હતા આ સ્થાનની આંશિક સફાઇ થવાની કંઇક પત્થર ની કોઠિઓ મળી હતી. જેમાં એકમાંથી લોહાની કડાઈ પણ મળી જેમાં એક બાજુ કુંડી હતી. શાયદ તે કેદિઓના હાથ બાધવમાં કામ લાગતા હોય.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવેલી ભીડને પાછી મોકલી દીધી હતી. ખોદાઇના સમયે રીગની માટીના કંઇ પતરા મળ્યાં હતા. જેમની ઉપર સાત ભૂતપૂર્વ બુદ્ધને વ આગામી બુદ્ધ મૈત્રેયે ની મૂર્તિયોં બે લાઇનોમાં બનેલી હતી. પ્રત્યેક મૂર્તિને નીચે બુદ્ધ આસ્થા સુત્રો લખેલા હતા. વાસ્તવમાં સારીય જગ્યાએ બુધ્દ ભવન ફેલાયેલા હતા બુદ્ધ લોકો તે સ્થળ ને પવિત્ર માને છે.

## વિશ્વ શાન્તિ સ્તૂપ

ગૃધ્રકુટ ની પાશ્વવતી રત્નગિરિ પર્વત ઉપર વિશ્વ-શાન્તિ સ્તૂપનું નિર્માણ ની યોજના જાપન બુધ્દ સંઘના અધ્યક્ષ પૂજ્ય ગુરૂજી ભિક્ષુ નિચિદાત્સુ ફૂજી ની કલ્પના હતી. લગભગ પચ્ચીસ લાખની લાગત થી નિર્મિત સ્તૂપની ઉંચાઇ ૧૨૦ ફુટ છે તથા તેના શીર્ષ ભાગ પર ૧૦ ફુટ ઉંચા કમલ કળશ વિરાજમાન છે. સ્તૂપ નો ક્ષેત્રફલ ૧૬૩ ફુટ છે. પુજ્ય ગુરૂજીનો વિશ્વાસ છે કે વિશ્વ શાન્ત સ્તુપ ના નિર્માણ ના પહેલા બુધ્દ પોતાના દિવ્ય શક્તિ થી આ પૃથ્વીપર જન્મ લેશે. આ સ્તૂપની અંદર એક મનઃમુગ્ધકારી મજુષામાં સપ્તરત્નો સહિત ભગવાન બુદ્ધના અવશેષો સ્થાપિત કરવામાં આવ્યા છે સ્તુપના ચાર બાજું ચાર બુધ્દ પ્રતિમાએ સ્થાપિત છે જે અત્યંત ભવ્ય તથા આકર્ષક છે.

## રજ્જૂ માર્ગ ( એરિયલ રોપ વે )

શાંતિ સ્તૂપ તક સર્વ સાધારણની સુવિધા પૂર્વક એક તત્ક્ષણ પહોંચવા માંટે ક્રમ રજ્જુમાર્ગ ( ઝુલો ) નું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેની લંબાઈ ૨૨૦૦ ફૂટ છે તેમાં ૧૧૪ ખુરશિઓ લગાડવામાં આવી છે આ ઝુલોં ભારતમાં પોતાના ઢગનો અનુઠો અને માનવ માત્રને ચઢવા માટે ભારતમાં સર્વ પ્રથમ " પ્રયોગ " હતો ઉપર ચડવા માટે ફકત સાત મિનિટ લાગે છે હર ગુરૂવારે ઝુલો બંધ રહે છે આજકાલ આ રાજગિરિનું મુખ્ય આકર્ષક છે.

## રથ ચક્ર અને સંખ લિપિ

ખાડીના દક્ષિણ દ્વાર ની બાજુ ગૃધ્રકુટ અને વાનગંગા ની વચમાં એક ઘેરાયેલા સેંખો સ્થળ પર માટી થી બનેલા અઢાગં માં ઘણા સેંખો - છે અને કેટલાક સ્થળો પર જુની ગાડિયોં અને રથના પહિયાંઓ ની રગડ થી પથરાલા જમીનમાં લીકો નજર આવે છે આહિયા રથ ચક્ર ચિન્હ પાણ કઠોર પત્થર ની ચટ્ટાન ની ઉપર દૂર-દૂર તક ગયેલ છે. જેની શેલના ભાગ આડીઓ [illegible]



For Private And Personal

ચાલવાથી સડકોમાં ગહેરેલા લાંબા ચિન્હો બની જાય છે

## જૈન મુનિ ની તપસ્યા તથા સંસ્કાર ભૂમિ

સંખ લિપિની ઉત્તર પૂર્વ ઉદયગિરિની તલેહટીમાં આધુનિક યુગના મહાન જૈન સાધુ શ્રી જગજીવન મુનિ ની તપસ્યા ભૂમિ છે વિગત ૧૯૬૮ માં ૪૫ દિવસ તક ઘોર તપશ્ચર્યા કઠિન ઉપવાસ ના માધ્યમથી સંથારા અનુષ્ઠાન દ્વારા નિર્વાણની પ્રાપ્તી કરી હતી. મુખ્યમાર્ગ પર તથા સોનાગિરિની તલહટીમાં તેમનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું.

## બાણગંગા

ઉદયગિરિ અને સોનાગિરિ ની વચ્ચે થી જતાં યાત્રાળુઓ ચાલી ને બાણ ગંગા સુધી જાય છે. ત્યાં જવા પર રાજગિરિની પહાડઓ ની ચોટિયો પર બનાવેલી બાહરી રક્ષા દિવાલોં લોકોનું ધ્યાન આકર્ષ કરે છે ટીલાની ઉપર છત્રી જેવુ વિશ્રામ માટે સુંદર સ્થળ નું નિર્માણ પણ કરાવવામાં આવ્યું છે. જયાંથી ધારાઓનુ દશ્ય અતિ સરસ લાગે છે.

## કુંડ ગર્મ પાણીના ઝરણાં

રાજગિરિ ના એક અને મુંખ્ય આકર્ષણનું કેન્દ્ર ગર્મ પાણીનં ઝરણું છે જેને કુંડ કહેવામાં આવે છે પાલી સાહિત્યમાં એનો નામ તપેદારામ મહાવિહાર બતાવ્યું છે એમ તો પર કુંડ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેનાં ૨૨ કુંડ ગર્મ પાણીના છે તેમાં પણ સપ્તધારા કુંડ બ્રહ્માકુંડ તથા સુર્યકુંડ ઘણાંજ પ્રસિદ્ધ છે. બ્રહ્મા તથા સપ્તધારા કુંડ વૈભારગિરિ ની તળેટીમાં છે. અને સુર્ય કુંડ, મખદુમ કુંડ વગેરે વિપુલાચલ પર્વતની તલેહટીમાં છે મખદુમ કુંડ નું જુનુ નામશૃંગીઋષિ કુંડ છે કુંડો પર અનેક મંમિરો છે પ્રાચીન કાળ થી જ આ ધારાઓના પાણી ને પવિત્ર અને પ્રકૃતિ ની દેન માનવામાં આવે છે ઔષધયુક્ત પાણી ઘણુજ રોગનાશક છે વૈજ્ઞાનિક પ્રયોગોથી માનવામાં આવે છે કે આ સ્ત્રોતો ના પાણી ગેંડિયો મિશ્રિત છે ગાંઠિયા આદિ રોગો થી પીડિત મનુષ્યોને આ સ્ત્રોતામાં સ્નાન કરવાથી ઘણોજ લાભ મળે છે

## સાઇક્લોપિઅન દિવાળ

પ્રાચીન રાજગિરિ ની બાહરી પ્રાચીરોના પહાડોની ચોટિયો ૪૨ થી ૪૯ કિલો મીટર તક લાંબી બનેલી હતી દિવાળો નો બાહરી ભાગ ભારી અનઘડા પત્થેરાં નો બનેલો હતો તે પત્થર ૩ કે ૫ ફુટ તક લાંબા હતા જે સેરસ રીતે કાપ



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને જકડવામાં આવ્યા હતા એમણા વચ્ચેના ભાગો ને નાના પત્થરોથી ભરવામાં આવ્યા હતા. આ પ્રાચી બાણગંગા દર્રા ની પૂર્વ અને પશ્ચિમ ની બાજુ એથી ઉંચી હતી. જયાં હજુ પણ તે ૧૧ થી ૧૨ ફૂટ ઉપર ઉભેલી છે આ પ્રાચીન ની વિશેષતા એ છે કે જયાં પણ વિશેષમાં મજબૂતિ ની જરૂર હતી ત્યાં એમના બાહરિ કિનારો પર ગુમ્બજ બનાવવામાં આવ્યા હતા.

## અજાત શત્રુ નો કોટ અને 'નવીન' રાજગીર

મોટર બસ સ્ટેન્ડ અને ડાક બંગલાની વચ્ચે આ કિલો છે દિવાલોં નો બાહરી ભાગ ઠોસ અનઘડેલાં પત્થરોની શિલાઓનો છે જે વગર ચુનાઓ નો શિચેલો છે. ફાહિયાન નુ કહેવુ છે કે અજાતશત્રુ એ પહાડોથી ઘેરેલા સ્થળ ની બહાર એક કિલ્લો બનવાડાવ્યો હતો પરંતુ હ્વાનસાંગને અનુસાર બિંબિસારે રાજધાની બનડાવી હતી. આજ નવા નગરના એક કિલ્લા ઉપર આજકલ રાજગિરિ બસેલું છે નગરની ચારે બાજુ જે દિવાલો હતી તે પૂરેપૂરી ગાયબ થઈ ગયેલી છે પરંતુ કિલ્લાની દિવાલ હજુ પણ સરસ હાલત માં છે દિવાલ ૧૫ થી ૧૮ ફૂટ તક મોટી છે.અને કંઇક જગ્યા એ એની ઉંચાઈ ૧૧ ફીટ છે.

સ્તુપ–. નવા નગરની પશ્ચિમ માં સરસ્વતી ની પેલે પાર એક મોટુ ટીલુ છે જે કંઇક પહેલાં સ્તુપ હતું ફહિયાને તેને અજાતશત્રુનો સ્તુપ કહયો છે. અને હ્વાનચાંગે અશોક નો.

**લાટ:**–હ્વાનચાંગે સ્તુપની પાસે ૫૦ ફુટ ઉંચી એક લાટ પણ દેખેલી જેમની ઉપર એક હાથી બનવવા માં આવ્યો હતો. પરંતુ એ લાટનો એક પણ અવશેષ નથી મળતો ફાહિયાને પણ તેનો ઉલ્લેખ નથી કર્યો.

## મખદૂમ કુંડ

મખદુમ શાહ શફુદીનનો જન્મ પટના જીલ્લા ની મનશરીફમાં થયો હતો. એમણે ૧૩ વી સદીમાં રાજગિરિના જંગલમાં ૧૨ વર્ષ ગુજાર્યા હતા. એક ઘેરાયેલા સ્થળમાં એક નાનીસી ગુફામાં તે ધ્યાન કરતા હતા. એમનુ અવસાન વિહાર શરીફમાં થયું. ત્યાં તેમની કબર છે.

## અન્ય મંદિર

આમ તો અહિંયાં ઘણા મંદિરો મઠ છે. પરંતુ જૈન દિગમ્બર શ્વેતામ્બર (નૌલખા) મંદિર બર્મા ત્થા જાપાન બૌદ્ધ મંદિર, વિષ્ણુ મંદિર કાલી બાડી બડી સંગત તથા રામકૃષ્ણ સેવા મઠ નું મંદિર સર્વથા ઉલ્લેખનીય છે.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાલન્દા

પટના થી દક્ષિણ પૂર્વમાં ત્યા રાજગિરિ (પ્રાચીનરાજગૃહ) થી ૧૧ કિલો મીટર ઉત્તર ની તરફ એક મોટુ ગામ ની પાસે નાલંદા વિશ્વ વિદ્યાલયના ખંડેર છે. નાલંદા નો ઇતિહાસમાં ઘણોજ જુનો છે ઇસાથી પૂર્વ પાંચમી છઠી સદિયોમાં મહાવીર ત્યાં બુદ્ધ ના યુગ તક ઇતિહાસ ફેલાયેલો છે ;જૈન ગ્રંથોના અનુસાર આ રાજગિરી ના ઉત્તર-પશ્ચિમ માં એક બાહરી અથવા ઉપનગર હતું અને મહાવીર સ્વામી એ નાલંદા અને એના સહાયક નગર રાજગિરીમાં ચૌદ ચાર્તુમાસો ગુજાર્યા હતા. બુદ્ધ સાહિત્યમાં ઘણી જગ્યાઓ માં આવે છે કે બુદ્ધ અકસર તે શહેરમાં જતા હતા. ત્યાં વસતી ઘણી હતી નગર ખુશહલ હતું. ત્યાં એક આબાંનો બગીચો હતો જે પવારિક કહેવાતો હતો.

નાલંદા બુદ્ધ ના મુખ્ય શિષ્ય સારી પુષ્ટ અને મોદર્નાલાપન ની જન્મભૂમિ હતી. સારીપુત્ર નું અવસાન એજ રૂમમાં થયુ હતું. જેમાં તેનો જન્મ થયો હતો. એ જન્મ-મરણ કક્ષ ઘણુંજ પવિત્ર માનવામાં આવે છે એટલે તેને તિર્થ સ્થાન બનાવી દીધું તરન્થના અનુસાર અશોકે નાલંદામાં સારિપુત્રના ઉપર ચૈત્ય ઉપર ભેટ ચઢાવી હતી. અને ત્યાં એક મંદિર બનવાડયું હતું એટલે અશોક ને નાલંદા વિહાર નું સંસ્થાપક માનવામાં આવવું જોઇએ. એજ કથનાનુસાર દ્વિતીય ઇસવી શતાબ્દીમાં મશહુર મહાયાની દાર્શનિક નાગાર્જુને ત્યાં પોતાનુ જાણવાનું શરૂ કર્યું. અને આગલ ચાલી ને ત્યાંની મણુપુરોહિત બન્યો. એમ પણ કહેવાય છે કે નાગાર્જુના સમકાલીન બ્રાહ્મણ સુવિષ્ણુ ને મહાયાન અને બુદ્ધ મતો ની હાસ ની રોક માટે નાલંદા માં ૧૦૮ મંદિર બનાવવામાં આવ્યા આ કથનો નો સાર એમ માનવામાં આવે છે કે નાગાર્જુન સમયમાં નાલંદ બુધ્દ ધર્મ વિખ્યાત કેંદ્ર છે પરંતુ ખોદકામ કરતા કોઈ પણ એવી વસ્તુ નથી નિકળી જેથી એમ માની લઇએ કે ગુપ્તકાળથી પહેલા એ સ્થળ પર કશુંક હશે. સૌથી પુરાની એતિહાસિક વસ્તુઓ જે મળી છે તે સમુદ્ર ગુપ્તના સમયનું એક તામ્રપત્ર અને કુમાર ગુપ્ત નો સિકકો છે. હ્યુનસાંગના બયાન થી એ વાતની ખાતરી થાય છે.

પાંચની શતાબ્દી ની શરૂમા આવવાળા ચીની યાત્રાળુંઓ માં ફાહાયાન ને નાલંદા ની ગૈણિક સ્થિતિ ના બારમાં કંઈક પણ નથી કહ્યું. એણે ફકત સારિપુત્રના જન્મ-મરણ નું સ્થળ નાલેગાંર નું અને ત્યાં પર સ્થિત એક સ્તુપ નુ વર્ણન કર્યું છે. એટલે નાલંદા સ્થિત વિહાર કુમાર ગુપ્ત અન્ય ગુપ્ત સમ્રાટો ના બનવડાવેલા છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાલન્દામાં હ્યાંગ ચાંયે બુધ્ધની એક ૮૦ ફુડ ઉંચી તાંબાની મૂર્તિ જોઈ હતી. જે અશોક તંશના અંતિમ પુરુષ પૂર્ણવર્મને બનડાવી હતી. કન્નોજના રાજા હર્ષવર્ધન ( ૬૦૬........ ૪૭ ને આ સંસ્થાને ઘણું જ ધન આપ્યું એણે પિતળનુ એક વિહાર બનવડાવ્યું જે હ્યાંગચાંગની યાત્રાના ચમયે બનવડામાં રયુ હતું. હર્ષે લગભગ ૧૦૦ ગામોની માલ ગુજારી એ મડના નામે છોડી મુકી હતી અને એ ગામના ૨૦૦ ઘરાણુંએ મઠ ને આવશ્યકતાનુસાર ચોખા ઘી અને દૂધ આપવા લાગ્યા હતા એટલે અહિયાંના વિદ્યાર્થીએરને પુરો ખોરાક મળવાથી એ ચીજાને માંગવી ન પડતી હતી. અને આજ એમણી વિદ્યાભ્યાસમાં આગળ પડતાનુ કારણ હતું હયાંગચાંગ ના આ દૂધ થી સાફ ખાત્રી થાય છે કે ત્યાં વિદ્યાર્થીઓને ખોરાક માટે ભિક્ષા મગવી ન પડતી હતી.

નાલન્દામાં હયાંગચાંગ નું હાર્દિક સ્વાગત થયું હતું ત્યાં રહીને તેણે કેટલાય વર્ષો તક તંત્ર વિદ્યા સિખી હતી એમણે લખ્યું છે કે એ વિશ્વવિદ્યાલય માં દસહજાર વિદ્યાર્થી અને પંદરસો અદયાપકો હતા. હયાંગચાંગના પછી ઇતિસંગ મુખ્ય યાત્રાળુ હતો. જે ભારતવર્ષ માં ૬૭૩ ની સમમાં પહોચ્યો હતો અને કેટલાય વર્ષ તક નાલંદામાં વિદ્યા સિખી પુર્વી ભારત પર પાલ સમ્રાટોનુ આઠમી થી બારહવી ઇસવી તક રાજ્ય રહ્યું. નવમી સતાબ્દી ના આરંભમાં દેવપાલના સમયમાં નાલંદા ઉન્નતિના ઉચ્ચતમ શિખર પર પહુચી ગયુ હતું. હિન્દેશિયા જાવા, સુમાત્રા, સમ્રાટો સે દેવપાલની પાસે રાજદૂતો દ્વારા ધન મોકલ્યું જેથી ત્યાં વિહાર બનાવવા માં આવ્યાં.

પ્રસિદ્ધ વિદ્વાનઃ— પ્રાચીનકાળમાં દુનિયાભરમા પોતાના વિદ્વાન અને પ્રસિદ્ધ અધ્યાપકો માટે નાલન્દાનું નાંમ વિખ્યાત હતુ. આચાર્ય નાગાર્જુન શીલભદ્ર આર્યદેવ, સન્તરક્ષિત, વસુવન્ધુ, દિગ્નાગ ધર્મકીર્તી, કમલશીલ, અતિસ, દીપકર અન્ય લોકો નાલંદાના વિદ્વાનો વિદ્યાની જ્યોતિ વિદેશોમાં લઇ ગયા તિબ્બત ના સમ્રાટ સોગયાન ગામ્પો એ આચાર્ય દેવવિદ થી બુધ્દ અને બ્રાહમણ સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એના પછી રતી પ્રી દેવત્સાનએ સન્તશક્ષિતને તિબ્બત બોલાવામાં આવ્યા જયાં તે પોતાની ૭૬૨ ઇસવી સનમાં મૃત્યુ સમય તક રહયા એ સમય લગભગ પછી સંભવ થી તિબ્બત ગયા હતા એમને તિબ્બત માં લામાપંથના સંસ્થાપક તરીકે બહુજ નામના મળી હતી નાલંદા ના માટે આ કોઈ કમ નામની વાત હતી એમાથી એક વિદ્વાને તિબ્બતી ધર્મને એક વિશેષ રૂપ રેખા આપી કહેવામાં આવે છે કે કોરિયા થી પણ વિદ્વાન લોકો નાલંદા આવતા હતા.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નાલંદા નો અન્ત

જ્યારે હ્યુએનત્સાંગ ભારત આવ્યાતો બુદ્ધ ધર્મ ધીરે ધીરે અવનતિ પર હતો. પ્રાચીન બુદ્ધ કેન્દ્રો લુપ્ત થઇ ગયા હતા અને નવા કેન્દ્ર જેવા કે નાલંદા પશ્ચિમમાં વલ્લભી અને દક્ષિણમાં કાંચી આદિ ઉભરી આવ્યા હતા. વિહાર તથા બંગાલમાં રાજ્યકીય સંરક્ષણ ના કારણે બુદ્ધ ધર્મ સાંસ લઇ રહયો હતો. પરંતુ અન્ય રાજ્યોમાં તેનો પ્રભાવ નાશ પામી ચુકયો હતો. પાંચવી શતાબ્દી ઇસવી સનમાં બ્રાહ્મણ દાર્શનિક અને ઉપદેશક કુમારિલ અને શંકરાચાર્યોના પ્રયત્નોના ફલ સ્વરુપ પણ બુદ્ધ ધર્મની માન્યતા ને ઘણો આકરો ધકકો લાગ્યો હતો. કહેવામાં આવે છે કે સારાય ભારતમાં ઘૂમી-ઘૂમીને શાસ્ત્રાકારોએ ત્યાં તર્કોએ બુદ્ધ ને હરાવ્યો અને એમના થી પોતાનો મત મનડાવ્યો

આખરી ચોટ પડી જે બુદ્ધધર્મ પડી તે મુસ્લિમ આક્રમણો મોહમ્મદ બખ્તિયાર ખીલજીના એક નગર ઉપર આક્રમણ હતું તે નગર સંભવત નાલંદાજ હતું. તરન્યતું કહેવું છે કે તુર્કો એ સરાય મગધ ને જીતી લઇ અને ઘણાં વિહારો નો નાશ કરી નાલંદા ને એ લોકોએ ઘણું જ નુકસાન આપ્યું અને ભિક્ષુક લોકો પરદેશ ભાગી ગયા.

તુર્ક લોકો ના હુમલા પછી એક સાધુ મુદિતભદ્ર એ મંદિર ચૈત્યનું સમર કામ કરાવ્યું આ કામના તત્કાલ પછી મગધના રાજાએ મન્ત્રી કુકુટ સિદ્ધને નાલંદામાં મંદિર બનાવડાવ્યુ એક દિવસ ધર્મોપદેશના સમયે બે કોધિત બ્રાહ્મણો તિર્થ કરવા આવ્યા. કઇક નટખટ ભિક્ષુકે એટલે નૌસિખિયો એમના ઉપર હાથ પગ ધોવાનું પાણી ફેકયુ.—એનાથી તે ઓર પણ ચિડાયા. બાર વર્ષ સુધી સૂર્યની તપસ્યા કરી તેમને પ્રસન્ન કિયા અને એક યજ્ઞ કર્યું અને યજ્ઞ ની અગ્નિ ના સળગતા અંગારા અને ભભૂતિ આસપાસ બુદ્ધ મંદિર આદિ ઉપર ફેકયાં. પરિણામ એ આવ્યુ કે ઘણીજ ભયંકર આગ લાગી ગઈ જેમા નાલંદા નુ એક મુખ્ય પુસ્તકાલય રત્નોદધિ જલી ને ખાક થઈ ગયુ.

## નાલન્દા નો પતો કેવી રીતે લાગ્યો

સન ૧૮૧૨ માં બુકાનન હેમિલ્ટ ને બડગામ નુ વર્ણન કર્યું જયાં નાલન્દા ના ખંડેરો છે ત્યા તેમણે કઇક બ્રાહ્મણ અને કઇક બુદ્ધની મૂર્તિઓ મળી આવી પરન્તુ એ શતાબ્દીની સાઠવીમાં કનિંઘમ ને એણે નાલન્દા થી સંબંધ બતાવ્યો. મૌજુદા ખંડેરો માં થી એણે હ્યુએનત્સાંગ મંદિર વર્ણિત મંદિરો ને પહિચાનવા માટે પ્રયત્નો કર્યાં કઇક વર્ષો બાદ ખોદેલી ગેલા સ્થાન નમ્બર ૧૨ ની ખુદાઇ કરવામાં આવી અને એક લેખ પ્રકાશિત થેયો. ૨૦ વર્ષ સુધી પુરાતત્વ વિભાગે ત્યાં ખોદકામ કરાવ્યું.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખુદાઈ સ્થળ

ખોદાઈ કરાઇ ગયેલા સ્થળે જવા વાળી સડક ડાબી બાજુ મઠ નં. ૨ ની દિવાલો અને જમણી બાજુ મઠ નં. ૪ ૫ ની વચ્ચે થઇ ને જાય છે. પૂર્વ ફાટક થી પ્રવેશનું દ્વાર હોવા થી યાત્રાળુઓ ને મંદિરોની લાઇન પશ્ચિમની તરફ અને વિહારોની કતાર પૂર્વની તરફ થી મળશે.

## મુખ્ય મંદિર ( સ્થળ નં. ૩ )

મંદિરોની લાઇનમાં દક્ષિણના છોર ઉપર સ્થિત મુખ્ય મંદિર ખરેખર સૌથી મોટી અને ભવ્ય ઇમારત છે જે એક આંગણના વચ્ચે નાના સ્તૂપોથી ઘેરાયેલી છે જે એકની ઉપર બીજી એવાર અથવા ત્રણવાર બનવાડવામાં આવી હતી. ખોદકામ ના સમયે ખબર પડી કે શરૂમાં નાની નાની ઇમારતોની બાજુમાં અને ઘણી ઇમારતો બનાડવામાં આવી હતી. મોજુદમાં જે છે તે એકના ઉપર બીજી સાત વખતની બનેલી ઇમારતો ની છત છે. પણ જુદા દાદરા જે ઉત્તરની તરફ દેખાય છે. તે પાંચમી, છઠવી અને સાતમી વખતના બનાવેલી ઇમારતો છે. આમ પણ છેલ્લી બે ઇમારતો પહેલાં પહેલાની ઇમારતો ને ઢકેલી છે. આમ ક્રમશ: બનાવેલા મંદિરોમાં પાંચના ઇમારત સૌથી રોચક અને રક્ષિત છે. આમણા ખુણાઓ ઉપર ચારબુર્જ હતા. જેમા રણનો ખોદી કાઢવામા આવ્યા છે. બુદ્ધ અને બુદ્ધ તત્વોના મૂર્તિયો ની લાઇનો થી આ સજાવેલી હતી. સ્તૂપોની અંદર જે ઇમારતો મળી છે એના ઉપર શાસ્ત્ર વાકયો લખેલા છે છઠમી વખતના બનાવેલા છનાથી યાત્રાળુ મૂર્તિ કક્ષ ના ઉપર પહુચે છે, એ કક્ષની બની બેદી થી અંદાજ લગાડવા માં આવે છે કંઇક વખત ત્યાં બુદ્ધની વિશાળ મૂર્તિયો રહેલી હશે.

વિહાર સ્થળ ૧ અ અને ૧ બ : મુખ્ય મંદિરની પૂર્વ બાજુ ઊંચી ઉંચાઇ પર બે વિહારો ના અવશેષ છે જેમનું પ્રવેશ દ્વાર ઉત્તરમાં હતું અને જેમની સામે ઇંટોના ફર્શનું આગણું હતું ઇમારતોની ચારે બાજુ નાની નાની કોઠરિયો બનેલી છે કોઠરિયો ની દક્ષિણ લાઇનની મધ્યમાં મૂર્તિ કક્ષ છે વિહાર સ્થળ ૧ બ માં ઇંટોના આગણાંની ઉત્તર પશ્ચિમમાં કોણા ઉપર એક અઠકોનો કુવો છે બન્ને વિહારોના આગણા ૨ કોના એ ઉપર બનાવેલા પાહાઓ ઉપર ખબર પડે છે કે ઉપરી આગણુજ કંઇક ફૂટ નીચે એક જુનું આગણું છે. અને આ બીજા વિહારો કંઇક એને જૂની ઇમારતોના ખંડેરો પર થી બનાડવામાં આવ્યા હતા.

## વિહાર ના ઉપલબ્ધ સ્થળ

વિહાર સ્થળ ૧ સૌથી વધારે મહત્વનું છે આ સ્થળ ૧ અ થી ઉત્તર

For Private And Personal

પૂર્વની તરફ છે આમા ૯ તળીયા છે હરતલનો પતો કાંકીટ ના આગણો અને એકના ઉપર બીજી ચમેણી દિવાલો જેવા અને નાલિયો જેવા લાને છે. નીચેના વિહાર જેની કોઠિયોં પશ્ચિમના પ્રવેશ દ્વાર અને દક્ષિણ અને પૂર્વ તરફ દેખાઇ દે છે. પાલ વંશના ત્રીજા રાજા દેવપાલના સમયમાં બનેલુ માલુમ પડે છે. વિહારમાં જે કે સાધારણ નિયમો હતા. કંઇ ભિક્ષુકોની કોઠિયોં છે. જે શરૂમાં બે મંજલ ની રહેલી હોય.

વિહાર સ્થળઃ– ૪ આનો ઉત્તરની તરફ નો અડધો ભાગ બિલકુલ નીચે સુધી ખોદવામાં આવ્યો હતો જેથી આમા એક આનાથી પણ જુના વિહારનો પતો લાગ્યો જેના પૂર્વ બરામદા ના ઉત્તર ના છોર પર કુમાર ગુપ્પનો એક સિકકો મળ્યો. આ સિકકો નાલંદામાં પાયી ગયેલી વસ્તુઓમાં સૌથી જૂના કાલનો છે આ વિહારની વિશેષતા એ છે કે આમા કોઠરિયોં ની ડબલ લાઇનો છે. આ સ્થાનેથી ગુલકાલનો સિકકો તો એક માટીનો સાંચો પણ મલ્યો હતો

**વીહાર સ્થલ** –૬ યાત્રાલુઓ હવે વિહારોની સામેના ખુલ્લા ભાગમાંથી ઉત્તરની ઓર ચાલે અહિયાં મનોરંજક ચીજના ઉપરી ભાગ ના આંગણમાં દોહરા તંદૂરમાં જેમાં અથવા તો ભિક્ષુકો ખવાનું બનવતા હતા અથવા તો વિદ્યાર્થીઓ ને કંઇક શિક્ષા આપવામાં આવતી હતી.

વીહાર સ્થળ ૭–અહિયા એકજ સ્થળ પર એકના બાદ બીજી ત્રીજી વૌવારિક ઇમારતો બનાવેલી છે હર એક ઇમારત પહેલી થી ખંડહર ઉપર છે. ખોદકામ એવી રીતના કરવામાં આવ્યુ છે કે ત્રણોના દર્શન થઈ જાય છે.

વીહાર સ્થળ ૮– અહિંયાં પણ બે ભિન્ન તળો તર બે ભિન્ન કાલોના નિવાસ ના લક્ષણ જણાઇ આવે છે.

વીહાર સ્થળ ૯– અહિયાં પશ્ચિમી બરામ્બદા ના ઉત્તરી છોર પર ખુલ્લી જગહ ને બંદ કરી દીધી હતી જેનાથી એક અલગ કોટી બની ગઈ હતી જેમાં એક નાનોસો દરવાજો હતો.

વીહાર સ્થળ ૧૦–આની દિલચસ્પ વાતએ છે કે આવા દરવાજા મહારાબોજ હતા. જે લાકડાના સરદલો બજાય ગારાની ચીનવામા આવ્યા હતા. આ મહારાબોજ વિશાન હજી પણ બિરાજમાન છે.

વીહાર સ્થળ ૧૧–આ જુતો ના ખેતો ની પાસે છે અને આવી હાલત ખસ્તા અને એક દમ ટૂટી ફૂટી છે.

વીહાર સ્થળ ૧૨– આ ઇમારતમાં તો સાકતૌર પર બે ભિન્ન કાલોની



For Private And Personal

સીચઈ છે–બાદ ની સીચાઈ જૂની ઇમારતની ખ ડેરોની છે જૂની ઇમારતો નો બાહરી ભાગ હર તરફના છજ્જો થી શોભિત હતો. એ તો કોઈ કોઈ આલમ માંજ મૂર્તિઓ રહી ગયેલી હતી. બાહારી માપ ૧૭૦ ફૂટ લાંબો અને ૧૬૫ ફુટ ચૌડો હતો. બાકીની ઇમારતો પણ નકશાની માફક છે. ચૌસના ચારો કોણાઓ લંબોતરે છજીયા છે. જેના ઉપર ચાર નાના પુજા ગૃહ છે ચૌસના દક્ષિણ- પૂર્વ કોણાની બાહરી આંગણમાં ભિન્ન આકારના સ્તૂપો બનેલા છે. મંદિરના ઉતર અને દક્ષીણમાં બે ઇટોંના પુજાગ્રહ છે જેમા બુધ્ધની વિશાલકાળ મૂર્તિયો હોવા ના ચિન્હ છે.

મંદિર સ્થળ ૧૩— સ્થળ નં. ૧૨ ના ઉતરમાં છે અને હવે તો સાવ ખંડેર જેવુ છે. બાહરની દિવાલો થી એમ લાગે છે કે આ બે ભિન્ન કાળોમાં બનાવામાં આવી છે. એ દિવાલોમાં જૂની દિવાલો ઘણીજ પડી ગયેલી હાલતમા છે. તો પણ એનાથી માલુમ પડે છે કે આમાં સુંદર ઓલો રહયા હશે આ સ્થળની ખાસ દિલચસ્પ વાત એ છે કે મુખ્ય ઈમારતથી ઉતરની દિશામાં ઇટોની બનાંવેલી ધાતુ શોધવાની એક ભટ્ટી છે જેમાં ચાર કોષ્ઠ છે અને આગ સળગાવા માટે હવા જવા માટે નલિયોં છે જલી ગયેલાં ધાતુના ટુકડા અને કાચી ધાતુ વગેરે ત્યાં જોવામાં આવી છે કે ત્યાં ધાતુની ચીજોની ધુલાઈ કરવામાં આવતી હતી.

મંદિર સ્થળ ૧૪– આ સ્થાન ૧૩ ના ઉતરમાં એક ઓર મદિર છે જે નં. ૧૩ ની માપનુંજ અને લગભગ એના જેવીજ શકલનું છે બાહરી દિવાલોના એ બે વાર બનાવામાં આવી હોય તેવા લક્ષણ છે. અન્દર પાલોથી કુમારે બુદ્ધની વિશાલ ટાંગો અને માંથુ નજર આવે છે. અહિયાંની દિલચસ્પ વસ્તુ મૂર્તિના ચબૂતરામાં બનેલાં આલોની ચિત્રકારીમાં છે. નાલંદાની ચીત્રકલાની આ એકજ મિશાલ છે,

મદિર સ્થળ ૨– આ મંદિર બીજાઓ થી ભિન્ન છે અને એના ઉપર સંકળાયેલા દશ્ય અનેક પ્રકારના છે માનવ ચિત્ર ધરેલુ દ્રશ્ય વાંજા વગાડના કન્નર શિવ અને પાર્વતી મોર પર બેઠેલા કાર્તિક અગ્નિ દેવતા, કુબેર અને ગજ-લક્ષ્મી, બાલ્ય ગૌતમ, માનવસિર વાલા પક્ષી, સપેરા આદિ.

મંદિરનું સ્થળનું અને ભૂ બિન્યાસ મા આ મંદિર બાકી બધા મંદિરો થી વિલક્ષણ છે એના સંબંધ માં ઉલ્લેખનીય વાત એ છે કે પુસ્તક કર્મ થી સુશોભીત એની પીઠ ઉપર ૨૧૧ મૂર્તિવાલા દિલ્લા બનેલા છે મુખ્ય પ્રવેશ દ્વારના પરવોંમાં થી હર એક માં ૨૦ અને પટોના બાકી ત્રણ પહલુઓમાં થી હર એક પર ૫૭ ટિલ્લા બનેલા છે. કઈ વિદ્વાનો નો સુઝાવ છે કે ટિલ્લા પર



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્કીર્ણ મૂર્તિયોં છઠી અથવા સતના સદીની છે. પરન્તુ વર્તમાન મંદિર જેના પર કી દિલ્લ બનેલા છે સાતમા સદીના પછી ની છે એટલે સંભવ છે કે આરંભમાં આ મૂર્તિઓ કોઈ પ્રાચીનતર મંદિરમાં લાગેલી હતી અને પછી સજાવટ માટે આ મંદિર માં લગાડવા મા આવી તી.

બુદ્ધ ની મૂર્તિ– મંદિર નંબર ૧૪ ના પુર્વમાં એક ચાર દિવાર ની અંદર એકેલા બુદ્ધની પથ્થરની એક વ્રુહત મૂર્તિ છે.

મરીચીની મૂર્તિ– આ સ્થાન ૧૪ કી પૂર્વ ની ઓર ૧૦૦ ગજ પર છે. ત્યાના લોકો તેને હિન્દુ દેવતા માણીને પુજે છે

## નીકટવર્તી સ્થાન

સૂર્ય મંદિર– સુરજપુર મોડુ ગામ ( નાલંદા ) નાલંદાના ખંડેરો થી મળેલુ છે સુર્ય મંદિરમાં બ્રાહમણ અને બૌદ્ધ મૂર્તિયો નો ઘણોજ આકર્ષક સંગ્રહ છે પાર્વતિની એક પાંચ ફુટ ઉચી મુર્તિ પોતાની સુંદરતા ને આકર્ષિત કરે છે. મંદિરમાં ચાર મુર્તિયો છે. સુર્ય, વિષ્ણુ, શીવ, પાર્વતી અવલોકોનેશ્વર ની પાસે જ એક મોડુ તળાવ છે. જે સુર્ય ને અર્પિત છે વર્ષમાં બે વાર અહિયાં સુર્ય મેળો ભરાય છે

## કુંડલપુર

કુડલપુર નાલદા ના ખંડેરોથી લગભગ ૧ કિલોમીટર દૂર છે કઇક ઇતિહાસકારોના અનુસાર ભગવાન મહાવીરનો જન્મ સ્થાન છે મગર વાસ્તવમમા ભગવાન મહાવીરની જન્મ સ્થલી વૈશાલી છે

## હાન ચાંગ મીમારીયલ

હાંનચાંગ સ્મારક ભવન નાલંદા સ્થલથી એક કિલોમીટર પર સ્થિત છે.

## નવ નાલંદા મહા બીહાર

પ્રાચીન નાલંદા ની પાસે પ્રસિદ્ધ કમળ તળાવ ના કિનારે–નાલંદા સંસ્થા ની નવી ઇમારત છે જેમાં પાલી તથાં બુદ્ધ જ્ઞાનની સ્નાન કોતર શિક્ષા નો પ્રબંધ છે.

## વૈશાલી ( કુંડ ગ્રામ )

ભગવાન મહાવીર ના જન્મ સ્થાન ના બારામાં અનેક મતો છે પરંતુ વાસ્તવમાં મહાવીર નું જન્મ સ્થાન વૈશાલી ના નિકટ કુંડગ્રામ માં હતું મુજફ્ફર પુર જીલ્લા ના હાજીપુર સબ ડિવિજનમાં સ્થિત વસાઢ જ પ્રાચીન વૈશાલી છે. કુંડગ્રામને આજકલ વાસુકુંડ ક્ષી કહેવામાં આવે મહાવીર ને વિદેહ, વિદેહત, વિદેહસુકુમાર અને વૈશાલિક બી કહેવામાં આવે છે. આ નિષ્કર્ષ વૈશાલી નામથી કાઢવામાં આવ્યું છે કેમકે સુત્ર કૃતાંગ ૧૩ માં મહાવીર ને વૈશાલિક નામ આપવામાં આવ્યું છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિધ્દાર્થની પત્ની ત્રિશલા રાજા ચેતકની પુત્રી હતી જે કે વૈશાલી ના રાજા હતા. એમને વેદહી અથવા વિદેહદત્તા કહેવામાં આવતુ હતું કેમકે તે વિદેહના શાસક વંશમાં જન્મેલી હતી. આવી રીતના મહાવીરનુ પોતાના સમયમાં વૈશાલીનું મહત્વપૂર્ણ લિચ્છવી ગણતંર ક્ષત્રિયો થી રત્ન સંબધીત હતું. વૈશાલીની બહાર કુંડગ્રામ નામક નગર હતું અને અહિયાંજ સિધ્દાર્થ નામક એક ક્ષત્રિય સમ્પના રાજા રહેતા હતા. જે જ્ઞાત નામક ક્ષત્રિય કુળ ના મુખિયા હતા. આજ સિધ્દર્થ મહાવીર ના પિતાશ્રી હતા. (વર્ધમાન) એક બુધ્દ અનુશ્રુતિ ના અનુસાર વૈશાલી નગરમાં ત્રણ ભાગ હતા પહેલાં ભાગમાં ૭૦૦ સોના ના ગુમ્બજવાળા મકાન મધ્યમાં ૧૪૦૦૦ ચાંદી ના ગુમ્બદાર મકાન અને અંતિમ ભાગમાં ૨૧૦૦૦ તાંબાના ગુમ્બદવાળા મકાન હતા. આ મકાનો માં ઉચ્ચ, મધ્યમ. અને નિમ્ન વર્ગના લોકો પોતાની સ્થિતિ અનુસાર રહેતા હતા.

## પાવાપુરી

પાવાપુરી જૈનિયોં નુ પ્રસિદ્ધ મહાન તીર્થંકર મહાવીર ૪૯૦ વર્ષ ઇસાથી પૂર્વ ત્યાં પરિ નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું જે સ્થાન પર તેમનો દાહ સંસ્કાર કરવામા આવ્યો હતો ત્યાં એક મોટા કમલ ના તળાવ ના વચમાં એક ટાપુ પર સંગમરમર નું મંદિર ( જળ-મંદિર ) બનવડાવામાં આવ્યું હતું તળાવની ઉત્તરમાં એક જૂના મંદિરનાં એ સ્થાન ઉપર એ બનેલું હતું એમ વિશ્વાસ કરવામાં આવે છે કે શરૂમાં ત્યાં કોઇ તળાવ ન હતું, પરંતુ શ્રદ્ધાળુ યાત્રિયોએ લગાતાર માથાની અહિયાં પવિત્ર માટી લઈને લેવા થી એક ખાડો પડી ગયો હતો જે હાલમાં ઝીલ નું રૂપ લઇ ને છે સમોવશરણ ના સ્થળ પર પણ એક મંદિર બનેલું છે. દિવાળી ઉપર આખા ભારતમાંથી જૈન લોક પાવાપુરની યાત્રા પર આવે છે. જૈનિયોંનું કહેવું છે કે દિવાળી તહેવાર મહાવીર સ્વામીનો પરિ નિર્વાણ ની માં મનાવામાં આવે છે.

વીહાર શરીફની નાલંદા તક મોટર બસ જાય છે. બસ પાવાપુરી થી ૨ કિલોમીટર પર ઊભી રહે છે. ત્યાં થી ઘોડાગાડી મળે છે. રહેવા માટે જૈન ધર્મશાળાઓ છે.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગયા-બોદ્ધ ગયા

ગયા ( પ્રાચીન સમયમાં દ્વાપર યુગ અન્ત તક આ દેશ મગધ દેશના નામ થી વિખ્યાત હતું. હિન્દુઓનું પરમ પવિત્ર અને પ્રધાન તીર્થ છે. અહિયાં પિતરોનો પિણ્ડદાન દેવામાં આવે છે. ગયા ની શોભા એના ચારો તરફની શૈલમળાઓની છે. રામોસલા બ્રહ્મયોની આદિ પહાડો થી ઘેરાયેલુ છે. બધા પર્વતો ઉપર મંદિર બનાવેલા છે પ્રેતશિલા પર જગતની પ્રખ્યાત મહારાની અહિલ્યાબાઈના ૧૭૮૭ માં બનાવેલું મંદિર છે બુદ્ધ સાહિત્ય માં બ્રહ્મયોનિ પહાડ ઉપર ગૌતમ બુદ્દ નિ સ્મૃતિમાં સમ્રાટ અશોકે એક સ્તૂપ બનવડાવ્યુહતું. પરંતુ આજે એનુ કોઇ ચિન્હ પણ દેખાતુ નથી પહાડ નંદી ફલગું ગયા તીર્થ ના ચરણોને થઇને દક્ષિણ થી ઉતર ની તરફ વહેતી જાય છે એના કિનારા પર અનેક મંદિરો છે અને સૌથી પ્રમુખ મંદિર વિષ્ણુંપદનુ છે ગયામાં સનાતન ધર્મ ત્યા બુદ્દ ધર્મની તકકર થઈ હતી.

ગ્રથોમાં લખેલુ છે કે પુરાખાઓના આત્મનો ઉદ્દાર કરવા માટે ગયામાં પિંડ દાન દેવું જોઇએ પ્રાચીન સમયમાં અહિયાં એક વર્ષમાં શ્રદ સમાપ્ત થતુ હતું પિંડદાન કરવાના સ્થળો ની સંખ્યા ૩૬૦ હતી. પ્રત્યેક દિવસ એક એક વેદી પર પિંડદાન કરવામાં આવતુ હતું. હવે ૮૪ વેદિયો ના અતિરિક્ત બધી વેદિયો લુપ્ત થઇ ગઇ છે. આમ સર્વપિટી વિષ્ણુપદ છે. મંદિર શ્રી વિષ્ણુ ભગવાન ના ૧૩ ઇંચ ના ચરણ ચિન્હો ને રક્ષા કરતુ બનવડાવામાં આવ્યું છે મંદિરની શોભા જોવા લાયક છે. સુર્ય કુણ્ડ વિષ્ણુંપદ થી પશ્ચિમના કોનામાં એક મોટું તળાવ છે. અહિયાં છઠવ્રતનો ભવ્ય મેળો ચૈત્ર અને કારકત માસમાં ષષ્ઠી શુકલ માં લાગે છે ઉતરમાનસઃ સુર્યકુંડ ના દક્ષિણ તરફનો રસ્તો કૃષ્ણ દ્વારકા થઈ ને દક્ષિણ દરવાજા થી બાહર બ્રહ્મા સરોવર તલાવને જાય છે. ઉતરની સડક સીધી ઉતર માંનસ થી આંગળ ચૌકથી થઈ ને રામશિલા પહાડ ઉપર ગઈ છેં. સુર્યકુંડ થી ઉતર માનસ પ્રાયઃ એક મીલના પડે છે. શાહબગંજ શહેરની પાસે ઉતર તળાવ છે. અહિયાં પિંડદાન દેવામાં આવે છે દુઃખહરની સાહલગંજ ચૌકથી એક ફલાંગ પર સ્થિત છે. સીતાકુંડ, રામગયા વિષ્ણુપદ મંદિરનાં ઠીક સામે ફલ્ગુંનદીના પેલે પાર એક મંદિર છે

## બોધ ગયા

ગયાથી ૧૧ કિલો મીટર દૂર નિરંજના નદી ના કિનારા પર સ્થિત છે આનું પ્રાચીન નામ ઉરૂવિલ્વ હતુ, અહિયાં બુદ્દ ભગવાન નુ વિશાલ પવિત્ર



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંદિર છે બનાવટથી આ ગુપ્તકાલ ના ઢાંચાનું માલુમ પડે છે બુદ્ધિદ્રમ આજ સ્થળ પર છે જેના દર્શન કરવા માટે દુનિયા ના કોના કોના માંથી બુદ્ધ લોકો આવે છે. હિદુઓ એ પણ બુધ્દ ભગવાનને વિષ્ણુનો દશમો અવતાર કહેવામાં આવે છે અહિના પવિત્ર બોધ્દિ વૃક્ષ ની પાસેજ બુધ્દ ભગવાન સાધનામાં લિન થઈ જ્ઞાન પ્રાપ્ત કરવામાં સમૃધ્દ થયા હતા.

## મુખ્ય મંદીર

ત્રીજી સદીની ઇસા પૂર્વ અશોકે અહિયા એક મંદીર ત્થા મઠનુ નિર્માણ કરાવ્યું હતું અશોકના શાસન કાળમાં આ પવિત્ર વૃક્ષની એક ડાળી એક મોટા ઉત્સવની સાથે ધૂમધામ થી લંકા મોકલવામાં આવી હતી. વર્તમાન મંદિર નુ નિર્માણ પ વી શતાબ્દી પૂર્વનુ બનેલું છે લંકાના રાજા મેભવર્ણે બોધીવૃક્ષના ઉત્તરમાં એક વિશાળ મઠનુ નિર્માણ કરાવ્યું હતું. આ કાર્ય સમુદ્રગુપ્ત ના શાસનકાળ દરમ્યાન થયુ હતું લગભગ ૬ ટી શતાબ્દી માં ગોઢ ( બંગાલ ) ના રાજા શશાકે પુનઃ બૌધ્દિ ધર્મ નો વિનાસ કર્યો પરન્તુ મગધ નરેશ આ ધર્મનો ઉધ્દાર કર્યો સાતમી શતાબ્દીમાં હએનત્સંગ બુધ્દિ વૃક્ષનું મંદીર અને સેકડો ત્થા ચૈત્યોની સાથે સમુન્નત અવસ્થામાં જોવામાં આવ્યું હતું. બાર ના શદીમાં મુસલમાનો આક્રમણ કાલમાં મંદિરની બર્બાદી કરી હતી. સન ૧૮૧૧ ઇ માં ભી બુકનન એમિલટન ને આનેપૂર્ણ વિનષ્ટ અવસ્થામાં પાયુ હતુ ૧૮૭૬ ઇ સ. માં વર્મા નરેશ મંદિરનુ પુનઃ નિર્માણ કરાવાની આજ્ઞા ભારત સરકાર ને કરી પરતુ લોક નિર્માણ વિભાગે આ જુના મંદિર ઉપર જીર્ણોધ્દા કરાવ્યો મંદિરમાં બેઠલા બુધ્દ ભગવાનની વિશાળ કાય મૂર્તિ છે.

## બૌદ્ધી વૃક્ષ

બુદ્ધ વૃક્ષ મંદિર ના પશ્ચિમમાં છે અને જેને સતયુગની શાખા કહે છે આજ સ્થળ પર બેસીને બુદ્ધે પૂર્વમાં મુખ કરીને તપસ્યા કરી એને દિવ્ય જ્ઞાનને પ્રાપ્ત કર્યુ અજાસન દેવી પણ આજ વૃક્ષ ને બાજુમા છે અહિયા દક્ષિણ હિન્દુ યાત્રાળુઓ પિત્રોના ઉધ્દાર માટે પિંડદાન કરતા હતા હરિક સિહાસન બુદ્ધના નિચે એક સિહાસન છે. કહેવાય છે કે આ સ્થાન વૃક્ષ અથવા હિરાની જેમ સ્થિર અવિનાશી અને આઘાત સહન કરવા વાળુ હતુ

## સાત સ્થાન

સાત સ્થાન— તથાગત ના ધ્યાનાવસ્થિત તથા સમ સંબોધિત પ્રાપ્તિ અવસર સાત અટવાડિયા સુધિ કટવાલા આવેલા સ્થાન ( ૧ ) બુદ્ધિ વૃક્ષ



For Private And Personal


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૨ ) અનિમિશલોચન સ્તુપ આ એ સ્થાન પર બનવડાવામા આવ્યું હતુ જ્યા તથાગત શ્રદ્ધા પૂર્વક બૂદ્ધિ વૃક્ષની તરફ ઉભા રહીને જોયુ હતુ ( ૨ ) ચક્રામના વિહારના ઉતર ની તરફ બનેલા ચબુતરા પર તથાગત ના ૧૯ ચિન્હ ( ૪ ) રત્નાઘર ભગવાન બુદ્ધંનુ ધ્યાનાઅવસ્થિત રહેવાનુ ઘર ( ૫ ) રાજાયતન વૃક્ષ આનાથી યથાર્થ પ્રાચીન સ્થલ નો પતો લાગતો નથી ( ૬ ) અજપાલ નિગ્રોધ વૃક્ષ યદ્યપિ આનુ યથાર્થ સ્થાનનુ પણ પતો લાગતો નથી છતા પણ નરૈન્જરા નદીના પૂર્વ કિનારા પર એક જગ્યાએ આ સ્થાન બનાવામાં આવ્યુ છે ( ૭ ) મુચલિન્દ ઝીલ :– મહાબોધિક મંદિર થી ૧ કિલોમીટર ઉત્તર થી એક તળાવ આઝીતનુ હોવાનું સ્થળ બતાવે છે

બોધિ સરોવર:– મંદિરના દક્ષિણમાં એકસરોવર છે આ સરોવરને અતિ પવિત્ર માનવામાં આવે છે. અહિંયાં તપસ્યા કરવાથી પૂર્વ બુદ્ધે સ્નાન કર્યું હતું:

અશોક જંગલા– મંદિર ના દક્ષિણ તથા પશ્ચિમ ની તરફ ખોદાયેલા પથ્થરના જંગલ છે જે અશોક ના સમયના બનાવામાં આવ્યા છે અને પ્રાચીનતમ છે.

*




---

મુદ્રક– કુમાર પ્રિન્ટર્સ, ૧૯, સિરેમલ બાપના માર્ગ ઇન્દોર ૪૫૨ ૦૦૪
☎ ૩૬૪૦૪

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




મુખ્ય મંદિર નાલન્દા

Nalanda Extt.

मुख्य मन्दिर (स्थल नं० ३

নালন্দা খণ্ডহর





বোধ গয়া

विश्व शान्ति स्तूप

વિશ્વ શાન્તિ સ્તૂપ

**Shanti Stupa**

শান্তি স্তূপ


MAHA-BODHI TEMPLE

BUDDHA-GAYA

महाबोधि मंदिर बोध गया

મુખ્ય મંદીર બોધ ગયા

For Private And Personal




राजगिर, ज़िला पटना, प्राचीन प्राकार श्रृंखला

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Serving JinShasan
044154
gyanmandir@kobatirth.org

For Private And Personal